સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ભેળસેળ-બનાવટના આયાસની છૂટ છે!
ચોરી-લૂંટ-અપહરણના ત્રાસની છૂટ છે!
છૂટ છે હેરા-ફેરીની, દારૂ અને ગૌમાંસ -
કંટાળો તો, આત્મહત્યાના પ્રાયસની છૂટ છે!

હાઈકુ

ડૂબ્યું ત્યાગથી -
લોકસભા ના કૂવે -
નહેરુ કુળ
(બલિદાનો અંતે, રાહુલ-'વેલમાં') (જયંતિ-રવિ)

સનદીગીરી!!
ન્યાયકોર્ટ અવજ્ઞા
ઉતરી ફિલ્મ..

ચિંતન

આશા નામ મનુષ્યાણાં કાચિદાશ્ચર્ય શૃંખલા । યયા બદ્ધાઃ પ્રધાવન્તિ મુક્તા સ્તિષ્ઠન્તિ પંગુવત્ ॥

'આશા-ઇચ્છાઓ-અપેક્ષાઓ મનુષ્યો સાથે એક આશ્ચર્યકારક બેડી જેવાં બંધનથી બંધાઇ છે. આ ઇચ્છાઓની બેડીથી બંધાયેલા માનવી (એના પાછળ) દોડવા લાગે છે અને ઉલ્ટું આશાઓથી મુક્ત એવો માણસ અપંગની જેમ, એક જગ્યાએ સ્થિર થઇ વિરામ લે છે. શાંતિથી બેસી શકે છે.'

માણસ આશા-ઇચ્છા-અપેક્ષાઓ રાખવાથી જ દુખી થાય છે. મિત્રો-સહકાર્યકરો, પરિવારના સભ્યોમાં અપેક્ષા રાખી હોય એ ફળીભૂત ન થાય - એટલે કે કુટુંબીજનો એ અપેક્ષા પૂર્ણ કરવામાં ઉણા ઉતરે ત્યારે દુખ થાય છે. હતાશા-નિરાશા આવી જાય, આમ છતાં માણસ આશા પાછળ દોડે છે, મારું આમ થઇ જાય. આ વ્યક્તિ મને આ મદદ કરે મને આ મળી જાય' ની 'ઝાંઝવા ના જળ' પાછળની દોડ માણસને હાશ, નિરાંત લેવા દેતો નથી, અને સતત અસંતોષની આગ દઝાડીને દુખી કરે છે.

જયારે સંતોષી, અનપેક્ષિત-માણસ જેને કંઇ જ જોઇતું નથી. કોઇ જરૂરિયાત નથી એ સદાય સુખ-શાંતિ અનુભવે છે.

સુવિચાર

- તમે ઝુકેલા ન હોવ ત્યાં સુધી કોઇ તમારી પર સવારી કરી શકતું નથી **- સ્પેનીશ કહેવત**
- અહીં કોઇ તમારા સ્વપ્ન પુરા કરવા નથી આવ્યું... દરેક જણ પોતાનું નશીબ અને પોતાની જીંદગી અજમાવવા માટે જ આવ્યા છે **- રજનીશ**
- ચિંતન વગર કરેલ અભ્યાસ એ સમયની બરબાદી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જો હું મારી માતૃભાષામાં ન ભણ્યો હોત તો હું વૈજ્ઞાનિક ન બન્યો હોત **- આલ્બર્ટ આઇન્સ્ટાઇન**
- પ્રગતિ એ જ કરી શકે છે જે બીજાઓ ને શિખામણ આપવાને બદલે પોતાની જાતને શિખામણ આપે છે **- જ્ઞાનસૂત્ર**
- અધિકારની પોતાની એક મર્યાદા હોય છે, એ મર્યાદાની રક્ષા કરવા માટે અધિકારના ઉપયોગને કાબુમાં રાખવો પડે છે **- ગ્રેન કથન**
- સુખની ઇચ્છા ધરાવનારે સંયમ અને સંતોષ રાખ્યા વિના છૂટકો નથી- **હરિભાઇ કોઠારી**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સાચા હૃદયથી કરેલી પ્રાર્થના 'માતાજી' કે કોઇ પણ ભગવાન જરૂર સાંભળે છે. અવિનાશ વ્યાસ ગુજરાતી સુગમ સંગીતના 'પિતા' અને સારા સંગીતકારની એક ધૂન 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો' અને 'હવે મંદિરનાં બારણા ઉઘાડો મોરી માં' એ હૃદયમાં નીપજેલી વેદનાના આર્ત સૂરની પ્રાર્થના અને ધૂન છે.

સંગીત ક્ષેત્રે ખ્યાતિ મળ્યા પછી શ્રી અવિનાશ ભાઇને પહેલી વાર હિન્દી ફિલ્મ 'મહાસતી અનસૂયા'નું સંગીત મળ્યું - પણ ચિત્ર તૈયાર પછી - કોઇ ખરીદવા તૈયાર ન હતું. અવિનાશ હતાશ થઇ અમદાવાદ આવ્યા. નાનપણના મિત્ર અંબાલાલને મળ્યા. વેદના વ્યક્ત કરી. અંબાલાલ શ્રદ્ધાળુ હતા. અવિનાશને અંબાજી લઇ ગયા અને છેક ગર્ભદ્વારમાં બંને ઉભા રહ્યા. અંબાલાલે દ્રવિત હૃદયે માને કહ્યું, 'મા! મારા આ મિત્રના હાલ તો જો - એની ટોપી જો - કોટ જો! જગતની 'મા' કહેવડાવે છે પણ તારા આ દીકરાના હાલ તો જો!'

અંબાલાલની આ કાલી ઘેલી પ્રાર્થનાથી અવિનાશ પણ સડક થઇ ગયા. એ દિવસ હતો ભાઇબીજનો. પછી અવિનાશ ફરી મુંબઇ ગયા. 'સતી અનસૂયા' ફિલ્મ વેંચાઇ સફળ થઇ, સંગીત વખણાયું અને બીજા કોંન્ટ્રેક્ટ મળવા શરૂ થયા. અવિનાશભાઇને પણ અંબાજી પર શ્રદ્ધા જન્મી દર ભાઇબીજે દર્શન કરવા આવવાની પ્રતિજ્ઞા લીધી..

'...માડી તારું કંકુ' એ અંબાજી મા તરફની એમની હૃદયપૂર્વકની પ્રાર્થનાનો ઉદ્ભવ થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

વિશ્વમાં સૌથી વધારે સોનાની માંગ કયા દેશમાં છે?



ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

ભારતનો ભૂગોળ

(૧) બ્રહ્મપુત્રા નદીનું ઉદ્ભવ સ્થાન કયું છે?
(અ) ગંગોત્રી (બ) માનસરોવર
(ક) અમરકંટક (ડ) શિવાલિક

(૨) નીચેનામાંથી કયા રેલવે ક્ષેત્રમાં રેલવેની લંબાઇ સૌથી વધારે છે?
(અ) ઉત્તર રેલવે (બ) મધ્ય રેલવે
(ક) પૂર્વી રેલવે (ડ) દક્ષિણ રેલવે

(૩) વિશ્વમાં સૌથી વધારે સોનાની માંગ કયા દેશમાં છે?
(અ) સિંગાપુર (બ) ચીન
(ક) ભારત (ડ) અમેરિકા

(૪) રાણીગંજ કોલસાની ખાણ કયા રાજયમાં આવેલી છે?
(અ) બિહારમાં (બ) પશ્ચિમ બંગાળમાં
(ક) ઉત્તર પ્રદેશમાં (ડ) ઝારખંડમાં

(૫) 'વીટી કલ્ચર' શબ્દ શાની ખેતી માટે વપરાય છે?
(અ) કેળાની ખેતી (બ) ખારેકની ખેતી
(ક) ગુલાબની ખેતી (ડ) દ્રાક્ષની ખેતી

(૬) મહાસાગરમાં ડૂબેલી વસ્તુઓની સ્થિતિ જાણવા માટે કયા યંત્રનો ઉપયોગ કરાય છે?
(અ) સોનાર (બ) હાઇગ્રોમીટર
(ક) સ્પેક્ટ્રોમીટર (ડ) ગેલ્વેનોમીટર

(૭) ૨૧મી માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરે કઇ ખગોળીય ઘટના બને છે?
(અ) લાંબો દિવસ (બ) લાંબી રાત્રી
(ક) દિવસ-રાત્ર સરખા (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

(૮) કર્કવૃત ગુજરાતના કયા શહેરમાં વચ્ચેથી પસાર થાય છે?
(અ) માંડવી-કચ્છ (બ) પ્રાંતિજ
(ક) મહેસાણા (ડ) વિરમગામ

(૯) કયા સમુદ્રમાં વ્યક્તિને તરતાં ન આવડતું છતાં તેમાં દુબતા નથી?
(અ) અરબી સમુદ્ર (બ) પ્રશાંત સમુદ્ર
(ક) મૃત સમુદ્ર (ડ) કાળો સમુદ્ર

(૧૦) ભારતમાં સામાન્ય રીતે રૂસ્ટ નામનો રોગ કયા પાકમાં જોવા મળે છે?
(અ) ડાંગર (બ) કપાસ
(ક) ઘઉં (ડ) દિવેલા

(૧૧) ભારતમાં પવન ઉર્જાના ઉત્પાદનમાં અગ્રણી રાજય કયું છે?
(અ) રાજસ્થાન (બ) ગુજરાત
(ક) આસામ (ડ) તમિલનાડુ

(૧૨) ભાગીરથી અને અલકનંદાનું સગમ સ્થાન કયું છે?
(અ) દેવપ્રયાગ (બ) હરિદ્વાર
(ક) કાનપુર (ડ) અલ્હાબાદ

(૧૩) દક્ષિણ ભારતનું સૌથી ઊંચુ શિખર કયું છે?
(અ) મુન્નાર (બ) અનાયમુડી
(ક) દોદાબેટા (ડ) મહેન્દ્રગીરી

(૧૪) કયા શહેરનો સ્થાનિક સમય ભારતના સ્થાનિક સમયની નજીક છે?
(અ) કરાંચી (બ) તહેરાન
(ક) કોલંબો (ડ) ઓમાન

(૧૫) બે વિશાળ જળરાશીને જોડનારી પાણીની સાંકડી પટ્ટીને શું કહેવાય છે?
(અ) અખાત (બ) ભૂશિર
(ક) સામુદ્રધુની (ડ) સંગમસ્થાન

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૮ ઓગ.૧૯૪૮ સ્વેટલાના સાવીત્કાયા - રશિયન અવકાશયાત્રી અને એરોસ્પેશ એન્જીનીયર, ૧૯૮૪માં પ્રથમ સ્પેશવોક કરનાર મહિલા
- ૮ ઓગ. ૧૯૧૩ બ્લેક સર રોઝર પેનરોઝ, બ્રિટીશ મેથેમેટીશીયન અને ભૌતિકશાસ્ત્રી, હોલ વિશે ગણતરી કરનાર.
- ૯ ઓગ. ૧૯૨૭ માર્વિન મિનસ્કાય - અમેરીકન બાયોકેમીસ્ટ અમેરીકન બાયોકેમીસ્ટ
- ૯ ઓગ. ૧૯૧૧ વિલિયમ ફોલવર, અમેરિકન અવકાશ ભૌતિક વૈજ્ઞાનિક, ૧૯૮૩માં નોબલ પારિતોષિક વિજેતા
- ૧૦ ઓગ. ૧૯૧૩ વોલ્ફગન પૌલ, જર્મન ભૌતિકશાસ્ત્રી, ઇલેકટ્રોમેગ્નેટીક ડિવાઇસ, પૌલ ટ્રેસના શોધક, ૧૯૮૮માં નોબલ પારિતોષિક વિજેતા
- ૧૦ ઓગ. ૧૯૦૯ લીઓ ફેન્ડર, ઇલેકટ્રોનીક ગીતાર અને ઇલેકટ્રોનીક મ્યુઝીકલ ઇન્સ્ટ્રુમેન્ટના શોધક અમેરીકન વૈજ્ઞાનિક.
- ૧૧ ઓગ. ૧૯૫૬ પીઅર લૂઇસ - લાયન્સ, ફ્રેન્સ ગણીતશાસ્ત્રી, ૧૯૯૪માં ફીલ્ડ મેડલ વિજેતા
- ૧૧ ઓગ. ૧૯૨૬ સર આર્ગોન ક્યુગ - બ્રિટીશ બાયોકેમીસ્ટ ૧૯૮૨માં નોબલ પારિતોષિક વિજેતા
- ૧૨ ઓગ. ૧૯૫૭ ઓટ્ટરો સ્ટ્રવ - રશિયન - અમેરિકન અવકાશ વૈજ્ઞાનિક, તારાઓનું સ્પેક્ટ્રોસ્કોપીક અભ્યાસકર્તા
- ૧૨ ઓગ. ૧૮૮૯ એલીએઝર સુકેનીક - પોલીસ-ઇઝરાયેલી આર્કિટેક એન્જીનીયર.
- ૧૩ ઓગ. ૧૯૧૮ ફેડરીક સેન્ગર, ઇંગ્લીશ બાયોકેમીસ્ટ, ૧૯૫૮માં નોબલ પારિતોષિક વિજેતા
- ૧૩ ઓગ. ૧૯૧૨ ઇટાલીયન અમેરીકન - માઇક્રો બાયોલોજીસ્ટ, ૧૯૬૯માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૪ ઓગ. ૧૯૩૩ રિચાર્ડ એ. અર્નેસ્ટ, સ્વીઝ સંશોધક અને શિક્ષક - ૧૯૯૧માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૪ ઓગ. ૧૯૧૯ રિચાર્ડ ડાર્વિન કેયનીસ - બ્રિટીસ ફિજીઓલોજીસ્ટ ચાર્લ્સ ડાર્વિનના પ્રપૌત્ર

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - હિરોશીમા દિવસ કયા દિવસે ઉજવાય છે?

જવાબ - ૬ ઓગસ્ટ

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭ (૩) મહેશ. એમ. જાદવ : સે-૩૦
(૪) નટુભાઇ દરજી : પેથાપુર (૫) જયેન્દ્ર એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૬) ગોમતીબેન કનુભાઇ પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી
(૭) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ (૮) નાડીયા રોકન - સે-૭સી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

૧૨મી ઓગસ્ટ ભારતના કયા મહાન વૈજ્ઞાનિકનો જન્મદિવસ છે?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૫૧) ૬ (૪૧) ૫ (૩૧) ૫૯
(૨૧) ૬ (૧૧) ૬ (૦૧) ૬ (૯) ૫૯ (૩) ૬ (૫) ૫ (૪) ૬ (૩) ૫૯ (૨) ૫ (૧)

શુભાશયથી ગુજરાતના વિદ્યાર્થી જગત સમક્ષ મુકાયેલાં આવાં ૯ પુસ્તકોને આવકારવામાં જ આપણું ગૌરવ છે, બધી સારી બાબતોની ટીકા કરવી એ પણ ટીકાને પાત્ર જ છે!

ગુજરાત સરકારના સ્તુત્ય પ્રયાસની ટીકા કરતાં પહેલાં...

- ઋતા પરમાર

તાજેતરમાં ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા પ્રાથમિક તથા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે સંદર્ભ સાહિત્ય તથા પૂરક વાંચક તરીકે નવ પુસ્તકોનો એક સેટ શાલા દીઠ વિનામૂલ્યે આપવામાં આવ્યો છે. હાલમાં સમગ્ર ગુજરાત અને દેશનાં વિવિધ વર્તમાનપત્રો તથા સમાચાર ચેનલ્સ પર આ પુસ્તકોના વિષયવસ્તુ પર વિવિધ ટિપ્પણીઓ થઇ રહી છે.



ટિપ્પણીઓ કરવામાં આવે એનો કોઇ વાંધો ન હોઇ શકે, પરંતુ દેશહિત અને પ્રજાહિતનાં પોષક સત્યોને સમજવાની એમની તૈયારી હોવી પણ અપેક્ષિત છે. લોકશાહીમાં બધા લોકોને પોતાનો મત પ્રદર્શિત કરવાનો અધિકાર છે. પરંતુ સમજવાની વાત એ છે કે શું આ પુસ્તકો વિદ્યાર્થીઓને તદ્દન ખોટા માર્ગે દોરનારા છે કે જેનાથી વિદ્યાર્થીઓ ભૂતકાળમાં પાછા સરી પડશે? શું આ પુસ્તકોથી વિદ્યાર્થીઓનું વૈજ્ઞાનિક વલણ તૂટી જશે? શું આ ભગવાકરણની પ્રક્રિયા છે કે ભારતીયકરણની? ભય શેનો લાગી રહ્યો છે? આ મુદ્દા પર દરેક ભારતીય નાગરિકે ચિંતન કરવું જોઇએ.

આપણા પાઠ્યપુસ્તકો ચાહે કઇ પણ ભાષામાં હોય, તમામ પુસ્તકોનાં પ્રથમ પાના પર આપણે પ્રતિજ્ઞાપત્ર આપીએ છીએ. એમાં આપણે રોજ વિદ્યાર્થીઓને બોલાવીએ છીએ, "ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારા ભાઇબહેન છે. હું મારા દેશનાં ચાહું છું અને તેના સમુદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે." આ બધું માત્ર કોરેકોરું બોલવા માટે જ છે કે આવું શા માટે બોલીએ છીએ તે પણ સમજાવવું જોઇએ? ભારત મારો દેશ છે, હું ભારતમાતાનું સંતાન છું, ભારત મહાન છે અને મને ભારતીય હોવાનો ગર્વ છે. આવી અનુભૂતિ સ્વાભાવિક રીતે થાય તેના આધાર ત્યાર સુધી ક્યાંક આપવામાં આવ્યા નથી. અહીં માત્ર તેના આધાર આપવાનો પ્રયાસ થયો છે, જેથી બાળકને ખબર પડે કે ભારતીય હોવું એટલે શું?

કોઇ પણ દેશના નાગરિકને તેના દેશ પ્રત્યે પ્રેમ હોય તે સ્વાભાવિક છે અને પ્રેમ દર્શાવવો એ પણ સ્વાભાવિક છે. પરંતુ અત્યારે મોટા ભાગના લેખો અને ચેનલ્સમાં જે ટીપ્પણીઓ થઇ રહી છે. તેનાથી એવું લાગે છે કે આપણા દેશના પ્રાચીન ભવ્ય વારસાનું સ્મરણ આપણી પેઢીને કરાવવાની જરૂર જ નથી! શું આપણને આપણા દેશ પ્રત્યે માન-સન્માન ગર્વ ન હોઇ શકે?

જે મુદ્દાઓ પર અત્યારે ટિપ્પણીઓ થઇ રહી છે તેના વિશે જોઇએ...

(૧) જ્ઞાન વિજ્ઞાનના ક્ષેત્રે ભારતના પ્રદાનને લઇને કેટલાક સવાલો ઊઠી રહ્યા છે, જેમ કે વિમાનની શોધ, સ્ટેમસેલની શોધ, ગુરૂત્વાકર્ષણની શોધ વગેરે વગેરે... તો આ શોધોનાં મૂળ અંગેની જે બાબતો જે પુસ્તકોમાંથી 'તેજોમય ભારત' પુસ્તકમાં આપવામાં આવી છે તે પુસ્તકોની સૂચિ આ પ્રમાણે છે.

૧. Pride of India પ્રકાશન : સંસ્કૃત ભારતી, દિલ્હી

૨. 'ભારત મેં વિજ્ઞાનની ઉજ્જવલ પરંપરા' : અર્ચના પ્રકાશન, ભોપાલ

૩. 'ભારતીય જ્ઞાન-વિજ્ઞાન કી સંસાર કો દેન' : લોકહિત પ્રકાશન, લખનૌ

૪. બસ ઇસી દિશા સે પ્રથમ પ્રકાશ હુઆ થા : રાષ્ટ્રચેતના પ્રકાશન, અમદાવાદ.

નમ્ર નિવેદન. આજે જે ફિઝિક્સ કે બાયોલોજી ભણીએ છીએ તેનાં મૂળ પણ આપણા પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે. આ માટેનાં વિશિષ્ટ પુસ્તકો તથા ભારતનું જ્ઞાન વિજ્ઞાનનાં ક્ષેત્રે શું પ્રદાન છે તેવાં ઘણાં પુસ્તકો લખાયા છે. મોટાભાગનાં લોકો પશ્ચિમનું વિજ્ઞાન ભણીને ઉછર્યા છે તેથી તેમનાં ધ્યાનમાં આવા મૂળ ગ્રંથો ન આવ્યા હોય એટલે ભારતનું વિજ્ઞાનનાં ક્ષેત્રે શું પ્રદાન છે તેનો ખ્યાલ ન હોય એટલે જ આ બાબતો પ્રત્યે શંકા ઉપજે. પરંતુ આવી શંકા ન ઉપજે તે માટે તમામ લોકોને નમ્ર અનુરોધ કે મૂળ સ્ત્રોત વાંચવા જોઇએ. આપણે તો ચારે બાજુથી સારા વિચારોને આવકારનારા છીએ. જ્ઞાન હંમેશા પરંપરાથી ચાલતું હોય અને બાળકોને જયારે ખબર પડે કે હું પણ આવી પરંપરામાં ઉછરેલો છું તો તેને પર વિચારવાની, આગળ વધવાની તક મળે, પ્રેરણા મળે તે હેતુથી આ પુસ્તકોનો અનુવાદ કરીને આપવાનો પ્રયાસ કર્યો છે. આ પુસ્તકમાળા મા. દીનાનાથજી બત્રાનાં ૪ પુસ્તકો તો એવા છે કે જેમાં કેવળ ભારતના નહીં, પણ સમગ્ર વિશ્વની મહાન વિભૂતિઓના જીવનપ્રસંગોનું સુંદર આલેખન છે. જે આપણા વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું પ્રસ્થાપન કરવાં સમર્થ છે.

જયારે કોમનવેલ્થ ગેમ્સ કે ક્રિકેટમાં ભારત જીતે કે ગોલ્ડ મેડલ મેળવે ત્યારે તમામ વર્તમાનપત્રો કે ચેનલ્સ આ બાબતમાં ગુણગાન ગાવા માંડે છે, તેના કરતાં તો આ સિદ્ધિઓ ઘણી મહાન છે. તો આવી સિદ્ધિઓ પ્રત્યે આ પુસ્તકોમાં ધ્યાન દોરવામાં આવ્યું છે. ઉપરાંત અત્યારે જે વિમાન છે તે યથાવથ આપણે બનાવેલું છે તેવું કહેવાનું તાત્પર્ય નથી, પણ વિમાનવિદ્યા અંગેનું ચિંતન કરવામાં, તેના સ્વરૂપ વિશે વિચારણા કરવામાં ભારતે પ્રથમ પગલું ભરેલું છે તે બતાવવાનો પ્રયાસ છે.

(૨) બીજી ટીપ્પણી અખંડ ભારતના નકશાને લઇને કરવામાં આવી છે તો ભારતનો`જે સ્વીકૃત રાજકીય નકશો છે તે તો છે જ, પરંતુ એક સમયે ભારત આટલું વિશાળ હતું તે અહીં બતાવવાનો પ્રયાસ કર્યો છે.આ બધી બાબતોનો ઉલ્લેખ અને નકશાઓ IAS & IPS ના અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવે જ છે તથા આ બાબતના પ્રશ્નો પણ પરીક્ષાઓમાં પુછવામાં આવે છે.

ભારતની મહાન સીમાઓ અને અર્વાચીન સીમાઓનાં સંદર્ભો વિદ્યાર્થીઓને આપવાથી કંઇ સંઘર્ષો નિર્માણ થવાના નથી અને એવી કોઇ કલ્પના પણ નથી. આ માત્ર ઉપજાવી કાઢેલો ભય છે. ભારતની સીમાઓ અને સાર્વભૌમત્વનો ખ્યાલ વિદ્યાર્થીઓને હોવો જ જોઇએ તે ખૂબ જરૂરી છે. ભારતીય ઇતિહાસ, કલા અને સંસ્કૃતિ વિશે આ પુસ્તકોમાં છટાવટ કરેલી છે અને તેથી તે પુસ્તકો વાંચવા નમ્ર વિનંતી. આ બાબત એક ઉદાહરણથી સમજીએ. આપણા ઘરમાં આપણે ત્રણ-ચાર કે પાંચ-સાંત પેઢીનો ફોટા રાખીએ છીએ અને બધાને કહીએ છીએ કે અમે બધા ભેગા હતા ત્યારનો આ ફોટા છે. અમારો વંસ આટલો મોટો હતો. તો અહીં પણ અખંડ ભારતના માનચિત્ર દ્વારા બૃહદ ભારતના પરિચય કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આમ, આ પુસ્તકો દ્વારા વિદ્યાર્થીઓ એટલું જાણે કે આપણી આવી ગૌરવશાળી પ્રજાના વંશજો છીએ અને આ વૈભવપૂર્ણ વારસાને સાચવવામાં અને આગળ વધારવામાં પોતાનું યોગદાન આપે. આપણે જે પ્રતિજ્ઞાપત્ર દરેક પુસ્તકમાં આપીએ છીએ અને બોલીએ છીએ તે સાચા અર્થમાં વિદ્યાર્થીઓ પોતાના વ્યવહારમાં પણ લાવે તે માટે પાળે આવા પૂરક પુસ્તકોનું વાંચન પણ થવું જોઇએ.

આવા શુભાશયથી ગુજરાતના વિદ્યાર્થી જગત સમક્ષ મુકાયેલાં આવાં ૯ પુસ્તકોને આવકારવામાં જ આપણું ગૌરવ છે. બધી સારી બાબતોની ટીકા કરવી એ પણ ટીકાને પાત્ર જ છે!

ગુસ્સો અને અહંકાર ક્રેડીટ કાર્ડ જેવા છે અત્યારે ઉપયોગ કરો અને પાછળથી ચૂંકવણું કરો

- જેમ સોયમાં દોરો પરોવીએ છીએ તો સોય ગુમ થવાનો ભય રહેતો નથી એમ આત્મારૂપી સોયમાં સ્મરણરૂપી દોરો પરોવી રાખીએ તો એ ક્યાંય ખોવાવાનો કે ભટકવાનો ડર રહેતો નથી. સદ્ગુરુ હંમેશા એ ડોરને પોતાના હાથમાં પકડી રાખે છે.
- ખરાબ જગ્યા પર તો જાનવર પણ નથી બેસતા જયારે આપણે આપણા હૃદયમાં સદગુરુનું સ્થાન બનાવવા માંગીએ છીએ. તો સૌ પ્રથમ પોતાના હૃદયને સાફ કરવું પડશે ને? તેના માટે વિચારો ઉચ્ચ રાખીએ, મન મજબૂત બનાવીએ, આંખોમાં દયા, ચહેરા પર મીઠી મુસ્કાન, તમામ માટે પ્રેમભાવ, સહનશીલતા આ બધું જોયા પછી સદ્ગુરૂ પોતે આપણા હૃદયમાં બિરાજમાન થઇ જશે.
- મનુષ્યનું પાછલું જીવન ગમે એવું ના હોય, સંતોનો સંગ, સદ્ગુરૂનું શરણું અને સત્સંગ તેના જીવનને મહાન બનાવી દે છે.
- જયારે આપણે આપણી હથેળીમાં થોડી ક્ષણો માટો પણ બળતો અંગારો મુકીએ છીએ તો તરત એને પકડીને ફેંકી દઇએ છીએ કે એ બીક કે આપણો હાથ ના બળી જાય પણ ખબર નહીં કઇ રીતે લોકો નફરતના અને વેર તથા ઇર્ષાના અંગારા દિલ/હૃદયમાં ભરીને ફરી શકે છે.
- ગુસ્સો અને અહંકાર ક્રેડીટ કાર્ડ જેવા છે અત્યારે ઉપયોગ કરો અને પાછળથી ચૂંકવણું કરો.

રત્નકણિકા

- લક્ષ્મી વાઘવાની (નિરંકારી)

- જો કોઇ સમસ્યા ઉકેલી શકાય તેમ હોય તો પછી ચિંતા કરવાનો શો અર્થ? અને જો એ ઉકેલી શકાય તેમ ન હોય તો ચિંતા કરવાનો ફાયદો શું છે?
- જિંદગી એક પુસ્તક છે જેમાં ગઇકાલ એ મુખ્યપૃષ્ટ છે. ભવિષ્ય કોરું છે જે છેલ્લું પાનું છે. પણ વર્તમાન એ પુસ્તકના પાના એ વર્તમાન છે જેમાં સર્વોત્તમ લખો કારણ, આ પુસ્તકમાં રબ્બરને કોઇ સ્થાન નથી હોતું કે કોમ્પ્યુટરની જેમ અનડુ સિસ્ટમ પણ નથી.
- આ દુનિયા તમને બાહ્ય દેખાવથી ઓળખે છે પરંતુ તમારો દેખાવ ગમે તેટલો સારો હોય તો પણ ભગવાન તમને તમારી દાનતથી ઓળખે છે.
- જો ધન દૌલત અને રૂપિયા પૈસા જ ખુશીનું કારણ હોત તો અમીર લોકો જ સડકો પર નાચતા દેખાત, પણ અહિં તો ફક્ત ગરીબ બાળકો જ આવું કરતા નજરે પડે છે.
- જો પાવર/શક્તિ કે હોદ્દો મળવાથી જ પોતાની સુરક્ષા મળી શકતી હોત કે કરી શકાતી હોત તો અધિકારીઓ કે નેતાઓ સીક્યોરીટી સાથે ના દેખાતા હોત કે તેઓને ધમકીઓ ના મળતી હોત અને એમને એટલી બેચેની ના હોત. પરંતુ, ખરેખર જે સાદગીભર્યું જીવન જીવે છે તેઓ જ પૂરતા આનંદ અને ચેનથી નિશ્ચિતપણે ઊંઘ માણી શકે છે.